

## ગાંધીનગર ડેપોમાં ૧૦૦ શ્રમિકો ઓનલાઈન બુકીંગ વિના રઝળી પડ્યા

હાલના સમયે રાજયભરમાં રહેલા પરપ્રાંતિય વ્યકિતઓને પોતાના વતન મોકલવાની કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગર એસટી ડેપો થી આજે વહેલી સવારે ફરી એકવાર પરપ્રાંતિય શ્રમિકોને એસટી બસ દ્વારા સાબરમતિ રેલ્વે સ્ટેશન થી ઉત્તર પ્રદેશ મોકલવાની કામગીરી હાથ ધરાઈ હતી. પરંતુ આ વખતે ૧૦૦ કરતા વધુ શ્રમિકો ઓનલાઈન બુકીંગ વિના રઝળી પડ્યા હતા. પરિવાર અને માલસામાન સાથે કલાકો સુધી રઝળપાટ કરતા આ પરિવારો કોઈ અધિકારી નહી હોવાથી પોલીસ અને પત્રકારને ઘણી આશાઓ સાથે પ્રશ્ન પુછતા હતા.. જેમાં સાહેબ અમને ઓનલાઈન ફોર્મ આવડતુ નથી.. હવે અમોને નહી લઈ જાય.. સાહેબ કંઈક કરોને..કોરોનાના કહેથી બચીને રોજીરોટી માટે વતતની વાટ પકડવા માટે આ શ્રમિકો ના છુટકે પોતાના જીવના જોખમે એક ખાનગી ડાલામાં રવાના થયા હતા. કોણ જાણે તેઓ વતન પહોંચશે કે સાબરમતિ સુધી જ તે પ્રશ્ન સતત મનમાં ઘુમરાયા કરે છે.

# શહેરમાં વિક્રમી ગરમી, તાપમાન ૪૩.૫ ડીગ્રી

### કોરોનાના વધતા કહેર વચ્ચે ગરમીએ પણ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા જનજીવનને ગુંગળામણ : ૪૫ દિવસથી કેદ નાગરિકો રાત્રિના સમયે ખુલ્લી હવામાં જઇ શકતા નથી

ગાંધીનગર તા ૮

કોરોનાના રોગચાળાની જેમ ગરમીનો પારો પણ દિનપ્રતિદિન ઉંચે ચઢતો જાય છે. એકબાજુ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જયારે ગરમીએ પણ તેના આકરા મિજાજનો પરચો આપી દીધો છે. આજે ગાંધીનગરમાં સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો ૪૩ .૫ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. લોકડાઉન વચ્ચે આક્રમક ગરમીએ જનજીવનને ઘરમાં બેઠા જ બેચેન કરી દીધા હતા. લોકડાઉનના લીધે આમ પણ નાગરિકો ઘરની બહાર નિકળતા નથી ત્યારે દિવસના અસહ્ય તાપ વચ્ચે અંગારા વરસાવતી ગરમીની સાથે લોકડાઉન યથાવત હોવાથી નગરજનો ગરમીના કહેરથી થોડી રાહત અનુભવી હતી પરંતુ કોરોના વોરિયર્સ ગરમીથી વિશેષ પ્રભાવિત થઈ રહ્યા છે. આકરી ગરમીના લીધે નાગરિકો લોકડાઉન ખુલ્લુ કરી દે તો પણ દિવસે ઘરની બહાર નિકળી શકે નહી તેવી સ્થિતિ છે. અલબત્ત ગરમીનો કહેર વિશેષ છે. પરંતુ દિવસની ગરમીમાં તપેલી મકાનની દિવાલો આમ નાગરિકોને રાત્રિના સમયે બહાર નિકળવા માટે મજબુર કરી રહી છે.

ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. નગરજનો ઘરમાં રહીને પણ પરેશાન છે. લોકડાઉન વચ્ચે ઘરમાં કેદ જનજીવન ગરમીથી ત્રાહીમામ છે. નગરજનો ખુલ્લી હવા લઈ ગુંગળામણને દુર કરવા ઝંખી રહ્યા છે. પરંતુ કોરોનાના સતત વધતા સંક્રમણના લીધે નાગરિકોની આઝાદી છીનવાઈ ગઈ છે. ઢળતી સાંજ બાદ પણ ઘરમાં પુરાયેલા રહેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. શ્રમિકોની હાલત પણ કફોડી છે. લોકડાઉન વચ્ચે રોજી રોટી કમાવાનુ મુશ્કેલ છે જયારે આકાશમાંથી પણ આગ વરસતા જનજીવન ખરી કસોટીના સમયમાંથી પસાર થઈ રહ્યુ છે. છેલ્લા એક મહીનાથી ગરમીનુ ધીમે ધીમે જોર વધતા ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર જ જોવા મળી રહ્યો છે. સતત ગરમીના લીધે નગરજનો બેચેન છે.

કોરાનાના કહેરથી બચવા લોકડાઉનના કડક અમલ વચ્ચે ગરમીએ પણ રંગ બતાવતા જનજીવનમાં અનોખા સન્નાટા સાથે માયુસી જોવા મળી રહી છે. બપોરના સમયે તો શહેરમાં જાણે કોઈ રહેતુ જ ન હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. આકરી ગરમીથી બચવા માટે લોકડાઉનનો અમલ કરતા નગરજનો ઘરમાં એ સી , કુલરની હવા ખાઈને દિવસો પસાર કરી રહ્યા છે. જયારે કેટલાક ઠેકાણે ગરમીથી રક્ષણ મેળવવા કોઈ ઉપકરણો ન હોવાથી હીટવેવની અસરથી ઘરમાં બેઠેલા નાગરિકો પણ મુંઝવણ અનુભવી રહ્યા છે. લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રીની નજીક હોવાથી રાત્રિના સમયે પણ ગરમીનુ જોર યથાવત રહે છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો એક ડીગ્રી ઉપર આવતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમીથી જનજીવન તોબા પોકારી ગયુ હતુ.



## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ભગવાન હાજરા હજુર છે... મેં ચાલીસ દિવસ ભક્તિભાવથી રામાયણ સિરિયલ જોઈ અને એકતાલીસમાં દિવસે દારૂના ઠેકા ખુલી ગયા...!!

## ચીનથી ગુજરાત આવવા માંગતી કંપની માટે સરકાર દ્વારા રેડ કાર્પેટ

કોરોનાના કહેરને લઈને ચીનમાં રહેલી કંપનીઓ ચીન છોડી રહી છે. જેનો લાભ ભારતને મળી શકે તેમ છે. જેને લઈને ગુજરાત સરકારે આવી કંપનીઓ માટે રેડ કાર્પેટ પાથરી છે. રાજય સરકારે મહત્વના નિર્ણય મારફતે ગુજરાતમાં કંપની ખોલવા માંગતા ઉદ્યોગકારો માટે સરકારે નિયમોમાં કેટલીટ છૂટછાટ આપી છે. આ અંગે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૩૩ હજાર એકર જમીન આપવામા આવશે. ચીન છોડી રહેલી કંપનીઓને ગુજરાત આવવા આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. આ માટે સરકારે નોડેલ ઓફિસરોને જવાબદારી સોપી છે. ૧૨૦૦ દિવસ કામ કરવા માટે કોઈપણ નવો પ્રોજેક્ટ લઈ આવે તો, તેને લેબરના કાયદામાંથી છુટછાટ આપવામાં આવશે.



કલોલ તાલુકામાં કોરોના ના વધતા સંક્રમણ ને લઈ કલોલ આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા માં આવેલ વિવિધ ફેકટરીઓના શ્રમિકો નું સ્પેશ્યલ સ્ક્રિનિંગ શરૂ કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. હર્ષદ પ્રજાપતિ ની આગેવાની માં કલોલ અને ખાત્રજ જીઆઈડીસી માં આવેલી વિવિધ કંપનીઓના ૫૦૦ થી વધુ શ્રમિકો નું સ્કીનીગ કરવામાં આવ્યું હતું. કોરોના વાયરસના સંક્રમણથી બચવા શું તકેદારી રાખવી તેના વિષે આપવામાં આવી હતી. માસ્ક સતત પહેરી રાખવા અને સેનિટાઈઝરનો વારંવાર ઉપયોગ કરી હાથ ધોવા માટે પણ લોકોને અપીલ કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે પૂર્વ સરપંચ સ્વ. બચુભાઈ લલ્લુદાસ પટેલ પરિવાર તરફથી અનાજની ૨૦૦ જેટલી કીટ બનાવી ગામના જરૂરિયાતમંદ પરિવારોને વિતરીત કરવામાં આવી હતી.
- રાજય સરકારના શિક્ષણ વિભાગે કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને રાખી સરકારી યુનિ.ઓ તેની સંલગ્ન કોલેજોનું વેકેશન ૨૦-૬-૨૦ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.
- કલોલ તાલુકામાં કોરોના સંક્રમણને લઈ વિવિધ ઔદ્યોગિક વસાહતોના શ્રમિકોનું સ્કીનીંગ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રજાપતિના વડપણ હેઠળ આરોગ્યતંત્ર એ શરૂ કર્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૩૦૦ જેટલા પરપ્રાંતિય શ્રમિકો તેમના વતન જવા રવાના થયા છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૪૬૦ જેટલા લોકોના કોરોના અંગેના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાં ૫૮ કેસ પોઝીટીવ મળી આવ્યા છે.

# સિવિલ કેન્સર હોસ્પિટલમાં વધુ ૧૪ને કોરોનાથી હડકંપ

### ૧૮ દિવસમાં ૫૫ કેસો આવ્યા છતાં હોસ્પિટલ ચાલુ : કેન્સર હોસ્પિટલના ૨૧ તબીબ, સ્ટાફ સહિતના ૫૫ કર્મી કોરોનાની ઝપેટમાં આવતાં ચકચાર : નર્સિંગ સ્ટાફના દેખાવ

અમદાવાદ,તા.૮

શહેરના સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલી કેન્સર હોસ્પિટલના ડોકટર, નર્સ સહિતના સ્ટાફ મળી કુલ ૫૫ લોકોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં ભારે ચકચાર મચી ગઇ છે. આજે વધુ ૧૪ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હડકંપ મચી ગયો હતો. આશ્ચર્યની અને નોંધનીય વાત તો એ છે કે, છેલ્લા ૧૮ દિવસમાં કેન્સર હોસ્પિટલના ૨૧ ડોકટર, નર્સ, સ્ટાફ સહિતના આ ૫૫ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાછતાં હજુ સુધી હોસ્પિટલ તંત્ર કે સ્થાનિક વહીવટી તંત્ર કે ખુદ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કેન્સર હોસ્પિટલમાં નથી તો સેનીટાઈઝેશન કે ફયુમીગેશનની કામગીરી કરવામાં આવી કે નથી તો કેન્સર હોસ્પિટલના અન્ય બાકીના તમામ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરાવવાની કોઈ પ્રક્રિયા હાથ ધરી.

આમ, સરકારી તંત્રની ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવતાં ભારે વિવાદ ચર્ચામાં આવ્યો છે. કેન્સર હોસ્પિટલ કોરોનાના સકંજામાં આવી ગઇ હોવાછતાં હોસ્પિટલ કેમ ચાલુ રખાઈ છે, તેને લઈને પણ હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. બીજીબાજુ, નર્સિંગ સ્ટાફ દ્વારા તંત્રની ઉદાસીનતા સામે દેખાવો યોજી વિરોધ વ્યકત કર્યો હતો. સિવિલ હોસ્પિટલની કેન્સર હોસ્પિટલમાં આજે વધુ ૧૪ કર્મચારીઓના રિપોર્ટ પોઝિટિવ આવતાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ૫૫ કર્મચારીઓના કોરોના પોઝિટિવને લઈ વિવાદ સામે આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. ખાસ કરીને તબીબી આલમમાં ભારે ચિંતા અને નારાજગીની લાગણી પ્રસરી ગઈ છે. છેલ્લા ૧૮ દિવસમાં કેન્સર હોસ્પિટલના ૨૧ ડોકટર, નર્સ, સ્ટાફ સહિતના આ ૫૫ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ ભારે ખળભળાટ મચી ગયો છે.

ચોંકાવનારી વાત તો એ છે કે, આટલા બધા કેસો સામે આવી ગયા હોવાછતાં કેન્સર હોસ્પિટલ ચાલુ રાખવામાં આવી છે અને બંધ કરાઈ નથી, જેને લઈને હવે કેન્સર હોસ્પિટલના દર્દીઓમાં પણ કોરોનાનું સંક્રમણ ફેલાવાની દહેશત બની રહી છે.

કેન્સર હોસ્પિટલના ૫૫ કર્મચારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાછતાં હજુ સુધી હોસ્પિટલ તંત્ર કે સ્થાનિક વહીવટી તંત્ર કે ખુદ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કેન્સર હોસ્પિટલમાં નથી તો સેનીટાઈઝેશન કે ફયુમીગેશનની કામગીરી કરવામાં આવી કે નથી તો કેન્સર હોસ્પિટલના અન્ય બાકીના તમામ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરાવવાની કોઈ પ્રક્રિયા હાથ ધરી. આમ, સરકારી તંત્રની ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવતાં ભારે વિવાદ જાગ્યો છે છતાં રાજય સરકાર અને સત્તાધીશો આ સમગ્ર મામલે બિનગંભીર અને ઉદાસીન જણાંતાં ભારે નારાજગી ફેલાઈ છે.




આર્યુવેદિક દવાઓનું ચલણ છેલ્લા કેટલાક સમયથી વધતુ જાય છે. કોરોનાના કપરા સમયમાં પરંપરાગત દેશી દવાઓ ઉપયોગી નીવડતી હોવાથી તેની ખરીદી માટે વસાહતીઓ તત્પર દેખાય છે. દેશની જાણીતી પતંજલી બ્રાન્ડના મેગા સ્ટોર પર ખરીદી માટે નાગરીકો સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે ઉભા રહેલા દેખાઈ રહ્યા છે.

## કલેકટર ડૉ. કુલદીપ આર્યએ કલોલ તાલુકાના વિવિધ ઔદ્યોગિક એકમોની મુલાકાત લીધી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ૨૧૦૦ જેટલા વિવિધ ઔધોગિક એકમોનું કામ ચાલું થઈ ગયું છે. આજે ગાંધીનગર જિલ્લા કલેકટર



શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા કલોલ તાલુકાના ઔધોગિક વિસ્તાર એવા છત્રાલ, સાંતેજ અને સઈજની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લામાં ૨૧૦૦ જેટલી વિવિધ ઔધોગિક એકમો જેમાં મુખ્યત્વે દવાની ફેકટરીઓ, ફૂડ સંલગ્ન કંપનીઓ, એકસપોર્ટ- ઈમ્પોર્ટ કરતા વિવિધ ઔધોગિક એકમો શરૂ કરવાની પરવાનગી ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના વાયરસની પરિસ્થિતિ મુજબ સુચારું આયોજન કરીને આપ્યું છે. જેમાં કલોલ તાલુકામાં આવતા સાંતેજ, છત્રાલ, સઈજ જેવા ઔધોગિક વિસ્તારમાં આશરે ૧૨૦૦ થી વધુ ઔધોગિક એકમોને સરકારની જરૂરી સૂચના અનુસાર મંજૂરી આપવામાં આવી છે.

આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય છત્રાલ, સાંતેજ અને સઈજ ઔધોગિક વિસ્તારની મુલાકાત લીધી હતી. જેમાં ઔધોગિક એકમો દ્વારા થર્મલગન, સેનિટાઈઝેશન, ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ન્સીંગ, સ્ટેગર્ડ લંચ ટાઈમ, સ્ટેગર્ડ એન્ટ્રી અને એક્ઝીટ ટાઈમ, ક્રાઉટ ન થાય તેની કાળજી રાખવામાં આવે છે કે નહિ, તે ઉપરાંત શ્રમિકોને રાખવાની વ્યવસ્થા કરી હોય તો કેવી છે, કામદારો- કર્મચારીઓ માટે સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે સલામત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા છે કે નહિ જેવી અનેક બાબતોનું સ્વયંમ નિરીક્ષણ કર્યું હતું.

આ મુલાકાત દરમ્યાન ઔધોગિક એકમોને કોરોના વાયરસનું સંક્રમણ ન વધે તે માટે ખાસ તકેદારી રાખવા અને સરકારશ્રીના નિયમોનું પાલન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ જરૂરી યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

## અમદાવાદની ગોતા પ્રાંત કચેરી ખાતે હજારો પરપ્રાંતિય ઉમટયા

આજે પણ અમદાવાદ શહેરમાં ગોતા પ્રાંત કચેરી, ઓઢવ, વસ્ત્રાલ, રબારી કોલોની, એલિસબ્રીજ સહિતના વિસ્તારોમાં પોતાના વતન જવાની માંગ સાથે હજારો પરપ્રાંતીયો રસ્તા પર ઉતરી આવ્યા હતા. ગોતા પ્રાંત કચેરી ખાતે તો બે હજારથી વધુ પરપ્રાંતીયોએ જોરદાર હોબાળો મચાવ્યો હતો. બીજીબાજુ, અમદાવાદથી આજે વધુ બેબે સ્પેશ્યલ ટ્રેન મારફતે ૧૨૦૦થી વધુ પરપ્રાંતીયોને ઉત્તરપ્રદેશ રવાના કરાયા હતા. આ જ પ્રકારે રાજકોટ, અમરેલી, જૂનાગઢ, કેશોદ, અંકલેશ્વર સહિતના અન્ય શહેરો-જિલ્લામાંથી પણ પરપ્રાંતીયોને તેમના વતન રવાના કરાયા હતા. લોકડાઉનને પરિણામે ૪૫ દિવસથી રોજી વિના અટવાઈ ગયા હોવાથી અસ્વસ્થ થયેલા અંદાજે ૪.૫૦ લાખથી વધુ શ્રમિકોને તમના વતન પહોંચાડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ગુજરાતમાંથી ૧૦૧ જેટલી ટ્રેન મારફતે અંદાજે ૧.૨૧ લાખ જેટલા પરપ્રાન્તીય શ્રમિકોને તેમના વતન પહોંચાડવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ માટે ૫૯, બિહાર માટે ૧૭, ઝારખંડ માટે ૨, ઓરિસ્સા માટે ૫, મધ્ય પ્રદેશ માટે ૫ ટ્રેન રવાના કરી છે. અન્ય રાજ્યોમાં લોકડાઉનની સ્થિતીમાં અટવાઈ ગયેલા ૩૦ હજારથી વધુ યાત્રિકો-વિધાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશમાં ગુજરાત સહી સલામત રીતે પરત લાવવામાં આવ્યા છે.